



# એક મહિલા પોલીસ વડાંની અનુભવગાથા...

**ઈન સાઈડ આઉટ સાઈડ**
**કિરણ કાપૂરે**

એ ડમ કમિશનર’ નામનું પુસ્તક હાલમાં ગુજરાતીમાં પ્રકાશિત થયું છે. આ પુસ્તક મૂળે અંગ્રેજીમાં લખાયું છે અને અંગ્રેજીમાં આ પુસ્તકનું નામ છે : ‘મૅડમ કમિશનર : ધ એક્સ્ટ્રાઓર્ડિનરી લાઈફ ઑફ ઍન ઈન્ડિયન પોલીસ ચીફ’ છે. આ પુસ્તક એ રીતે અગત્યનું છે કે તેમાં એક મહિલા પોલીસ વડાંની જીવનકથાનાની વાત છે. આપણે ત્યાં પોલીસ અધિકારી પોતાના અનુભવો હવે લખતા થયા છે. તેમાંના કેટલાંક નામો તુરંત સ્મૃતિમાં આવે તેમાં જુલિયો રિબેરો, કિરન બેદી, રાકેશ મારિયા, ઓ.પી. સિંઘ, કે.અન્નામલાઈ છે. આ તમામ ભારતીય પોલીસમાં ઉચ્ચ પદે રહ્યાં અને તેમણે પોતાનાં અનુભવો પુસ્તકમાં દસ્તાવેજિત કર્યાં છે. હવે પોલીસ ઉચ્ચ અધિકારીઓના આ દસ્તાવેજમાં ભારતીય પોલીસ વડાં રહી ચૂકેલા મીરાં ચઢ્ઢા બોરવણકરનું નામ ઉમેરી શકાય. આનંદની વાત તો એ છે કે ખૂબ ટૂંકા ગાળામાં આ પુસ્તક અંગ્રેજીમાંથી ગુજરાતીમાં અનુવાદ થયું છે. પુસ્તકના 38 પ્રકરણોમાં કેટલીક તુરંત આંખે ચડે એવી ઘટનાઓ છે. જેમ કે, ‘બૉમ્બે બંદર પર મોટા પાયે ચોરીઓ’, ‘જલગાંવ સેક્સ કૌભાંડ’, ‘ક્રાઈમ બ્રાન્ચ મુંબઈ’, ‘રાજકારણીઓ : પ્રજાના રક્ષક કે ભક્ષક?’, ‘જેલ અને એક સેલિબ્રિટી’ અને ‘યાકુબ મેમણની બે આંખો’. મીરાં ચઢ્ઢા બોરવણકરનું આ પ્રથમ પુસ્તક નથી. તેઓ પોતાની કારકિર્દી સંબંધિત બે પુસ્તક અગાઉ લખી ચૂક્યાં છે. તેમાં એક છે ‘લીવ્સ ઑફ લાઈફ’ અને બીજું છે તે ‘ઈન્સ્પેક્ટર ચૌગુલે’ છે. તેઓ પુસ્તકની પ્રસ્તાવનામાં દક્ષિણ આફ્રિકાના પૂર્વ રાષ્ટ્રપતિ નેલ્સન મંડેલાની વાત ટાંકીને સૌને પ્રેરવા ઈચ્છે છે. નેલ્સન મંડેલા સાર્થક જીવન અર્થે ટાંકેલી તે વાત આ મુજબ છે : ‘તમે જે જીવનમાં જીવવા સક્ષમ છો, તેમાં સમાધાન કરીને સાધારણ જીવવામાં કોઈ મજા નથી, કોઈ ઝનૂન નથી.’મીરાં ચઢ્ઢાએ તે રીતે જીવી બતાવ્યું અને હવે તેઓ અન્યોને સાર્થક જીવન અર્થે પ્રયાસ કરવાનું જણાવે છે.

પુસ્તકમાં આગળનાં પ્રકરણોમાં પોલીસ વડાં મીરાં ચઢ્ઢા બોરવણકરે ‘IPS’ તરીકે લેવાતી ટ્રેઈનિંગ અને તે સંબંધિત ઘટનાઓ રજૂ કરી છે. તે પછી જ્યારે તેમનું પોસ્ટિંગ મહારાષ્ટ્રના નાશિકમાં થઈ તે શરૂઆતના દિવસો વિશે પોતે લખે છે કે, “1980ના દાયકાની શરૂઆતમાં પોલીસમાં બહુ ઓછી મહિલાઓ હતી અને નાશિકના અધિકારી મારી હાજરીમાં અસહજ અને દ્વિધામાં હતા. હું મૂળે પંજાબની હતી અને મહારાષ્ટ્રની ભાષા કે સંસ્કૃતિથી લભગભ અપરિચિત હતી. પરંતુ હું મરાઠી સુધારવા સ્થાનિક ભાષા બોલવાનો અને અખબારો વાંચવાનો પ્રયાસ કરતી હતી. પોલીસ અધિકારી મને હિંદી કે મરાઠીમાં ડોક્યુમેન્ટ બનાવવાનું કામ ઉત્સાહભેર સમજાવતા હતા. તેમાં FIR ની નોંધણી, તપાસ અને ધરપકડ સાથે સંબંધિત પંચનામું કરીને ડોક્યુમેન્ટ રેકૉર્ડિંગ, તપાસ સંબધિત વિવિધ ડોક્યુમેન્ટ, આરોપનામાનો ડ્રાફ્ટ બનાવવો વગેરે બાબતો સામેલ હતી.” ‘IPS’ તરીકેની ટ્રેઈનિંગ લીધા પછી પણ જ્યારે ઑન-ગ્રાઉન્ડ કામ કરવાનું આવે ત્યારે તેનો અનુભવ કેટલો જુદો હોય છે તે મીરાં ચઢ્ઢાના શબ્દોમાં ઝળકે છે.અને તેથી જ આરંભની ટ્રેઈનિંગ સંબંધિત તેમણે જે જોયું તે લખ્યું કે, “1990નો દાયકાના અંતે પોલીસતંત્રમાં ભ્રષ્ટાચાર વાયરસની જેમ ફેલાઈ રહ્યો હતો. યુવાન અને સ્વતંત્ર ભારતનો આદર્શવાદ એક સનકી, ભૌતિકવાદી આદર્શવાદમાં બદલાઈ રહ્યો હતો. પ્રામાણિક, નિઃસ્વાર્થ સેવા કરવાનો દઢ સંકલ્પ ઓછો થઈ રહ્યો હતો.”

પોલીસ ઑફિસરને પોતાના વિભાગ સાથે પારિવારીક જવાબદારી પણ નિભાવવાની હોય છે. મીરાં ચઢ્ઢાના જીવનમાં આવેલાં આ સમય સંદર્ભે તેમણે ‘મૉમ-કૉપ’ નામથી પ્રકરણ લખ્યું છે. તેમાં તેઓ લખે છે : ‘મારી પ્રથમ ગર્ભાવસ્થાના છઠ્ઠા મહિના સુધી મારે યુનિફૉર્મને બદલે સાડી પહેરવી પડી. મને યાદ છે કે રાધાનગરી પોલીસ સ્ટેશનમાં સાડી પહેરીને એક પરેડનું નિરીક્ષણ કરવામાં મને શરમ આવી હતી. તમામ પોલીસ અધિકારીઓ સંપૂર્ણ ઔપચારિક ગણવેશમાં પહોંચ્યાં હતાં, એકમાત્ર મેં સાડી પહેરી હતી.’

‘જલગાંવ સેક્સ કૌભાંડ’ના પ્રકરણમાં તેઓ લખે છે કે મહારાષ્ટ્રના જલગાંવમાં અનેક બળાત્કારોની ફરિયાદ આવી રહી હતી.અખબારોમાં બળાત્કાર વિશેની ચર્ચા ખૂબ થઈ રહી હતી. પરંતુ આ ગુનાઓ કેવી રીતે બની રહ્યા છે તેની ભાળ મળી રહી નહોતી. મીરાં ચઢ્ઢા જ્યારે જલગાંવ પહોંચ્યા ત્યારે તેમનો પરિચય જિલ્લાના એક માત્ર મહિલા આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સુભદ્રા ભામ્બે સાથે થયો. સુભદ્રા ભામ્બે શહેરને સારી રીતે જાણતાં હતાં. મીરાં ચઢ્ઢા અને સુભદ્રા ભામ્બેએ પીડિતાઓ પોલીસ સુધી પહોંચે તેવાં પ્રયાસો આદર્યાં. જોકે યૌનશોષણનો ભોગ બનનારી યુવતિઓ આગળ આવી રહી નહોતી. તે પછી એક અન્ય પોલીસ અધિકારીએ મીરાં ચઢ્ઢાને કહ્યું કે, તમે શહેર છોડીને મહારાષ્ટ્ર રાજ્ય વિદ્યુત બોર્ડના જૂના બંગલામાં રહેવા જશો તો પીડિતાઓ સામે આવશે. તે અધિકારીને લાગતું હતું કે, મીરાં ચઢ્ઢા પોલીસ હેડક્વાર્ટ્સના ગેસ્ટ હાઉસમાં રહેતાં હતાં, તેથી પીડિતાઓ ત્યાં આવતી નહોતી.

તેમની વાત મીરાં ચઢ્ઢાને તર્કબદ્ધ લાગી અને તેઓ સામાન સાથે તે બંગલામાં રહેવા ગયાં. તે બંગલો ખૂબ જૂનો હતો તેમ છતાં પ્રયોગ ખાતર મીરાં ચઢ્ઢાએ ત્યાં રહેવાનું સ્વીકાર્યું. થોડાં જ દિવસોમાં યુવતિઓ આ બંગલે પોતાની ફરિયાદ લઈને આવવાં લાગી. આ ફરિયાદોમાં ત્રણ વ્યક્તિઓનાં નામ સામે આવ્યા. તેમાં બે નગરપાલિકાના સભ્ય હતા અને ત્રીજો આરોપી મહારાષ્ટ્રના પૂર્વ ધારાસભ્યનો દીકરો હતો. આ ગેંગની મોડસ ઓપરેન્ડી શું હતી તે પણ જાણવા મળી. મીરાં ચઢ્ઢા લખે છે કે, ‘આ ગેંગની મોડસ ઑપરેન્ડી રીત કંઈક આવી હતી - સ્થાનિક કૉલેજોમાં પ્રવેશ કરીને મહિલા વિદ્યાર્થીઓ સુધી પહોંચવું, ધનિક અને રાજકીય આ આરોપીઓ યુવાન, ભલીભોળી છોકરીઓને લગ્નનું વચન આપીને તેમની સાથે શારીરિક સંબંધ બાંધતા, તેમની નગ્ન તસવીરો ખેંચતા કે ચોરીછૂપીથી તેમની સાથે સંભોગના વિડિયોનું રેકોર્ડિંગ કરતાં. ત્યાર બાદ આ સામગ્રીનો ઉપયોગ તેમનું બ્લેઈકમેઈલિંગ કરવા થતું. આ ગેંગ જલગાંવની તિરુપતિ હોટલનો ઉપયોગ લાંબા ગાળાના પટ્ટા પર કરતી હતી.’

જલગાંવ સેક્સ કૌભાંડમાં બળાત્કારના કુલ છ કેસમાં ગુનો સાબિત થયો હતો. જોકે જલગાંવની શક્તિશાળી ગેંગે મીરાં ચઢ્ઢા અને અન્ય પોલીસ અધિકારીઓ સામે અનેક કેસ કર્યા હતા. પોલીસ અધિકારીઓના મનોબળ તોડવાનો માટે આ પ્રકારના કેસો આરોપીઓ જ કરે છે. આ કેસ 28 વર્ષે પણ મીરાં ચઢ્ઢા સામે પેન્ડિંગ છે.

હૈદરાબાદમાં જોયાલુક્કાસના જ્વેલરી શોપમાં થયેલી નવ કરોડની લૂંટનો કિસ્સો પણ મીરાં ચઢ્ઢાએ લખ્યો છે. તેમાં હૈદરાબાદના પોલીસ અધિકારીઓએ મીરાં ચઢ્ઢાની મદદ માંગી હતી. આ જ્વેલરી શોપમાં ચોરી કરનારો અપરાધી મુંબઈમાં આવ્યો હોવાની જાણકારી મળી હતી. તે વખતે આ ઓપરેશન તેમણે કેવી રીતે પાર પાડ્યું તેની વિગતો આપવામાં આવી છે. પોલીસ અધિકારી લેખિકાએ એક પ્રકરણ ‘રાજકારણીઓ - પ્રજાના રક્ષક કે ભક્ષક?’ લખ્યું છે. તેમાં જે ઘટના મીરાં ટાંકે છે તે આ પ્રમાણે છે : ‘પૂણે મ્યુનિસિપલ કોર્પોરેશને 23 ડિસેમ્બરે પૂણેના લાલ મહલમાંથી બ્રાહ્મણ દાદોજી કોંડદેવની પ્રતિમા ખસેડવાનો ઠરાવ પસાર કર્યો હતો. લાલ મહેલ મરાઠા યોદ્ધા છત્રપતિ શિવાજીનું બાળપણનું ઘર હતું. દાદોજીને તો શિવાજીના ગુરુ ગણવામાં આવે છે. પરંતુ મરાઠાઓનો એક વર્ગ તેને બ્રાહ્મણોએ સ્વપ્રશંસા માટે ઉપજાવી કાઢેલું જૂઠ્ઠાણું માને છે. મરાઠા સેવા સંઘની એક પાંખ સંભાજી બ્રિગેડે થોડા સમય આ મુદ્દા પર આંદોલન કર્યું હતું.’ તે પછી આ ઘટના અંગે પૂણેના મેયરે એક ઈતિહાસકારોની સમિતિ રચી હતી. પરંતુ પૂણેના આ જ્ઞાતિવાદી તોફાનમાં એક તરફ ભાજપ, શિવસેના અને અન્ય કેટલાંક હિંદુવાદી સંગઠનોના હતા, જેઓ રોજ રાતરે લાલ મહેલમાં એકત્રિત થવા લાગ્યા. જ્યારે બીજી તરફ, મરાઠાનું વર્ચસ્વ ધરાવતી કોંગ્રેસ-એનસીપીએ પ્રસ્તાવિત ઠરાવનો વિરોધ કર્યો હતો.

પુસ્તકમાં મીરાં ચઢ્ઢાએ યરવડા જેલમાં સંજય દત્ત કેદ

> ‘તમે જે જીવનમાં જીવવા સક્ષમ છો, તેમાં સમાધાન કરીને સાધારણ જીવવામાં કોઈ મજા નથી, કોઈ ઝનૂન નથી.’મીરાં ચઢ્ઢાએ તે રીતે જીવી બતાવ્યું અને હવે તેઓ અન્યોને સાર્થક જીવન અર્થે પ્રયાસ કરવાનું જણાવે છે

હતો તે સમયની વાત પણ લખી છે, ત્યારે તેમની જેલનો ચાર્જ હતો. એ ઉપરાંત કસાબને થયેલી ફાંસીની સજા વિશે પણ લખ્યું છે. તેઓ કસાબની ફાંસી વિશે લખે છે : ‘ઘડિયાળનો ઘંટ વાગવાની સાથે કસાબના પગ નીચેથી પાટિયું સરકી ગયું અને ફાંસીને માંચડે લટકી ગયો. અમે આ જ ઘડી માટે થોડા દિવસોથી મહેનત કરી રહ્યાં હતાં. અમે બધા સૂનમૂન થઈ ગયાં અને એકબીજાને પ્રતિક્રિયા પર પણ ધ્યાન ન આપ્યું. અમે મૌન થઈ ગયા હતાં.

કસાબને ઈસ્લામ ધર્મ અનુસાર દફનાવવામાં આવ્યો અને તેની અંતિમ ક્રિયા બાદ સન્માન અને શિષ્ટાચાર સાથે સંપન્ન થઈ. મેં મોબાઈલમાંથી આર. આર. પાટીલને એક મેસેજ મોકલ્યો. અને તેમાં ફાંસીની સજાના અમલ વિશે જાણકારી આપી.’ પોલીસ વિભાગની અને તેમના કાર્યશૈલી વિશેની આવી અનેક વાતો મીરાં ચઢ્ઢા બોરવણકરે લખી છે. જોકે ઘણી ઘટનાઓનું તેમણે પૂરું ચિત્ર ન આપ્યું હોય તેવો ભાસ તેમનાં લેખનમાં થાય છે. આ પુસ્તક કેયૂર કોટક દ્વારા અનુવાદીત થયું છે અને તેનું પ્રકાશન ‘કલ્પવૃક્ષ પ્રકાશન’ દ્વારા થયું છે. પુસ્તકની કિંમત 400 રૂપિયા છે.



# 19મી સદીથી ડાયરેક્ટ 21મી સદી સુધી

**શરદ જોશી સ્પીકિંગ**
**સંજય છેલ**



ભારત એક વ્યવસ્થિત રીતે અવ્યવસ્થિત દેશ છે. અહીં તમે જ્યાં જ્યાં વ્યવસ્થા જોશો, ત્યાં ત્યાં તમને એટલી જ વધારે અવ્યવસ્થા દેખાશે. તમે નક્કી જ નહીં કરી શકશો કે તમે જે જોઈ રહ્યા છો, એમાં વ્યવસ્થા કેટલી છે ને અવ્યવસ્થા કેટલી છે? એટલે જ તો ભારતથી ફોરેન ફરવા ગયેલો દેશી પ્રવાસી વિદેશ પહોંચતાની સાથે જ એકદમ આશ્ચર્યચકિત થઈ જાય છે. યુરોપના દેશ કે અમેરિકામાં માત્ર જોવાલાયક સ્થળો જ નહીં, પણ ત્યાંના એરપોર્ટ, રેલવે સ્ટેશન, બસ સ્ટોપ, સરકારી ઓફિસો, હોસ્પિટલો, સ્કૂલો અને રસ્તાઓ બધું જ જોઈને નવાઈ પામી જાય છે. વળી આ બધું જ એણે પોતાના દેશમાં પણ જોયું છે અને વર્ષોથી જોતો જ આવ્યો છે, પણ આપણાં એ દેશી પ્રવાસીને નવાઈ એ વાતની લાગે છે કે વિદેશમાં એ બધી વ્યવસ્થાઓમાં એ એકદમ યોગ્ય વ્યવસ્થાને જુએ છે. ભારતમાં એ જ જગ્યા પર અને એ જ સ્થળોએ એણે અવ્યવસ્થા જોઈ છે. એને એક હોસ્પિટલને હોસ્પિટલ તરીકે અને એક સરકારી ઓફિસને સરકારી ઓફિસ તરીકે આટલી સારી જોઈને નવાઈ લાગે છે.

એક ભારતીય વિદેશની સરકારી હોસ્પિટલને જોઈને જેટલો આશ્ચર્ય પામે છે, એટલો જ એક અમેરિકી યાત્રી, જાપાનની ઉત્પાદન કરતાં કારખાનાઓને જોઈને આશ્ચર્ય પામે છે. આખી વાત યોગ્ય વ્યવસ્થાની છે. જાપાનમાં કારખાના વિશેનો અભ્યાસ ફિલોસોફિકલ લેવલ પર કરવામાં આવે છે. આજકાલ, મેનેજમેન્ટનું કોઈ પણ આંતરરાષ્ટ્રીય મેગેઝિન જાપાનના ગુણગાન ગાયા વિના બજારમાં વેચાતું નથી. બધા માટે જાપાન એક રહસ્ય છે. દરેક વસ્તુનું ઉત્પાદન અને વેચાણ માટેની જાપાનની રહસ્યમય વાર્તાઓ છે. જાપાને સ્વિત્ઝરલેંડને ઘડિયાળના ઉત્પાદન અને વેચાણમાં કેવી રીતે પછાડ્યું? જાપાને અમેરિકામાં હોન્ડા બાઈકનું વેચાણ કેવી રીતે કર્યું? કેમેરા અને ટી.વી.ના વેચાણનું માર્કેટ કેવી રીતે જીત્યું? આમ જાપાન જાણે ‘વેપારના દેવદૂત’નો દેશ બની ગયો. બાકી ત્યાં પણ માણસો જ વસે છેને?

જે દેશમાં હડતાલની ધમકી આપ્યા વિના મજૂરોને મોંઘવારી ભથ્થું ન આપવાનો રિવાજ બની ગયો છે. જ્યાં મધ્યમ વર્ગના કર્મચારીઓને ક્યારેય સન્માન મળતું નથી અને જ્યાં મેનેજમેન્ટ ક્યારેય માનવ સંસાધન કે મજૂરના હકોને માનવતાની દ્રષ્ટિથી નથી જોતું, ત્યાં તમે તો જાપાન છોડો, કોરિયાની બરોબર પણ નહીં પહોંચી શકો! ફરિયાદ કરવામાં આવે છે કે ભારતીયો પાસે પૂરેપૂરું કામ લેવું મુશ્કેલ છે. પણ હકીકત એ છે કે કોઈ ભારતીય પૂરી તાકાતથી પોતાનું સર્વશ્રેષ્ઠ આપી શકે એની મૂળભૂત વ્યવસ્થાઓ પણ નહીં હોતી. હવે સવાલ એ છે કે સુધારણાની શરૂઆત ક્યાંથી થશે?

પહેલા મજૂર સુધરશે કે વ્યવસ્થા? સુધરશે કોઈ નહીં. આ દેશમાં મજૂરને મજૂરી કરતાં આવડે કે ના આવડે, પણ ઓફિસરોને એમનો વટ મારતા બહુ સારો આવડે છે. અને એમાં માનવતાનો તો સાવ જ અભાવ હોય છે. આ બ્રિટિશ વ્યવસ્થાએ ભારતને આપેલી ભેટ છે. ભારતને જાપાન બનાવતા પહેલાં આપણા મજૂરને માણસ તરીકે સ્વીકારવો વધારે જરૂરી છે... જાપાન, ચીન, અમેરિકા તો બહુ પછીની વાત છે!

જો મેનેજમેંટનુ લક્ષ્ય સાધવા આપણાં સાધનો અને માનવશક્તિનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં નહીં આવે તો આપણાં અનેક ખોટમાં પડેલા કારખાનાઓ, બિનઉપયોગી ઓફિસો, નહીં વેચાતા ઉત્પાદનોને આ દેશ, જે દરેક

> પહેલા મજૂર સુધરશે કે વ્યવસ્થા? સુધરશે કોઈ નહીં. આ દેશમાં મજૂરને મજૂરી કરતાં આવડે કે ના આવડે, પણ ઓફિસરોને એમનો વટ મારતા બહુ સારો આવડે છે. અને એમાં માનવતાનો તો સાવ જ અભાવ હોય છે. આ બ્રિટિશ વ્યવસ્થાએ ભારતને આપેલી ભેટ છે

વ્યવસ્થામાં અવ્યવસ્થા ભોગવીને જીવે છે, એ હજી હમણાં સુધી ઓગણીસમી સદીમાં જ છે. આપણા દેશનું છેલ્લા 100 વર્ષોથી લક્ષ્ય, એવી બ્રિટિશ વ્યવસ્થાની બરોબર પહોંચવાનું છે, જે આપણા ઓફિસરો માટે અનંતકાળ સુધી આદર્શ રૂપે રહી છે. આપણે હજી સુધી આપણા પોલિસ હેડ ક્વાર્ટરને સ્કોટલેંડના યાર્ડના ચોથા ભાગ જેટલાં યે કાબેલ નથી બનાવી શક્યા.

આપણે એકવીસમી સદી સુધી એટલી પ્રગતિ કરવા ઈચ્છીએ છીએ કે દુનિયાના બીજા દેશોને પાછળ છોડી દઈએ. પાછળ ના છોડીએ તો કમ સે કમ એમની બરોબર લગી તો પહોંચીએ! આપણે તો અઢારમી સદીથી સીધા કૂદીને એકવીસમી સદીમાં આવી ગયા. વીસમી સદી તો આવી જ નહીં!

# પર્થમાં ભારતનો પરાજય કુલદીપની ગેરહાજરીને કારણે થયો

**ખેલખેલમેં**

ઓ સ્ટ્રેલિયા પ્રવાસ પર ત્રણ મેચની વન ડે સીરિઝની પહેલી મેચમાં ભારતીય ટીમને સાત વિકેટથી હારનો સામનો કરવો પડ્યો. ૨૦૨૫માં આ ભારતનો પહેલો વન ડે પરાજય હતો. T20I અને ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધા પછી, બધાની નજર રોહિત શર્મા અને વિરાટ કોહલી પર હતી. બંને સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા. શુભમન ગિલ પણ કેપ્ટન તરીકેની પોતાની પહેલી વન ડેમાં નિષ્ફળ ગયો. પર્થમાં રોહિત, વિરાટ અને ગિલ સહિતના બેટ્સમેનોની નિષ્ફળતા અને વરસાદને કારણે હાર થઈ હશે એવું દરેક ક્રિકેટ ચાહક માનતો હશે, પરંતુ આ મુખ્ય કારણો નહોતા. ખરેખર તો આ મેચમાં કુલદીપ યાદવની ગેરહાજરી સૌથી મોટું પરિબળ હતું.

ભારતીય ટીમે પર્થની પીચ પર તેના સંયોજનમાં ફેરફાર કરવા પડ્યા, જે ઘણી ઉછાળ આપતી હતી. આવી પરિસ્થિતિઓ હવે પછી પણ વધુ સમસ્યાઓ ઊભી કરી શકે છે. ફેબ્રુઆરી અને માર્ચમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત એક પણ ટોસ જીત્યા વિના અપરાજિત રહ્યું. તેઓએ દુબઈની પીચ પર એક નિષ્ણાત ફાસ્ટ બોલર અને કુલદીપ યાદવ અને વરુણ ચક્રવર્તીના બે નિષ્ણાત સ્પિનરોને મેદાનમાં ઉતાર્યા અને સફળ રહ્યા. પર્થમાં, તેઓ પોતાના એ આરામદાયક સંયોજન સાથે મેદાને ન ઉતર્યા, અને પરિણામ તેમની વિરુદ્ધ ગયું.

જ્યારે ભારતીય ટીમને સંતુલિત પ્લેઈંગ ઈલેવનની જરૂર હોય ત્યારે પણ આવી જ કસોટીઓનો સામનો કરવો પડશે. ઝડપી અને ઉછાળવાળી પરિસ્થિતિઓમાં, ભારતના સ્પિન-બોલિંગ ઓલરાઉન્ડર્સ બેટિંગ અને બોલિંગ બંનેમાં બિનઅસરકારક દેખાય છે. આ પરિસ્થિતિઓમાં મોટો પ્રશ્ન એ છે કે ભારત મધ્ય ઓવરોમાં વિકેટ કેવી રીતે લેશે. ચેમ્પિયન્સ ટ્રોફી દરમિયાન, તેઓએ મધ્ય ઓવરોમાં ઘણી વિકેટો લીધી, જેના કારણે ડેથ ઓવરો ઓછી મુશ્કેલ બની. ભારતે આ મેચમાં અક્ષર પટેલ, નીતિશ કુમાર રેડ્ડી અને વોશિંગ્ટન સુંદર એમ ત્રણ ઓલરાઉન્ડરને ટીમમાં સામેલ કર્યા હતા. તેની પાછળનો ગૌતમ ગંભીરનો તર્ક એવો છે કે તેનાથી ભારતમાં બેટીંગનું ઉંડાણ વધે છે અને તેના કારણે ટીમ માટે એક્સ ફેક્ટર જેવા ગણાતા કુલદીપ યાદવ તેમજ વરુણ ચક્રવર્તીને બહાર બેસાડવા પડે છે. હવે પર્થની મેચને જોઈએ તો વોશિંગ્ટન સુંદર બેટિંગ કે બોલિંગમાં કામ લાગ્યો નથી. નીતિશ કુમારે બેટિંગમાં ચમકારો બતાવ્યો હતો પણ તેના કરતા પહેલા સુંદરને બેટિંગમાં મોકલવાનું લોજિક સમજાયું નહોતું.



> ત્રણ વન ડેની સીરિઝ રમવા માટે ઓસ્ટ્રેલિયા પ્રવાસે ગયેલી ભારતીય ટીમ પર્થમાં રમાયેલી પહેલી વન ડે હારી અને તે પછી કેપ્ટન શુભમન ગીલે કહ્યું કે પાવર પ્લેમાં ત્રણ વિકેટ પડવાના કારણે અમે મોટો સ્કોર ન કરી શક્યા પણ હકીકત એ છે કે ભારત પર્થમાં વધુ પડતા કમ્ફર્ટ ઝોનમાં રહેવાના કારણે હાર્યું છે. ભારતે ત્રણ બોલિંગ ઓલરાઉન્ડરને ટીમમાં સામેલ કર્યા પણ તેઓ કામે ન લાગ્યા હવે ભારતે તેના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું પડશે.

માત્ર ડાબોડી અને જમણેરી બેટરનું સંયોજન સાચવવા માટે આવો ફેરફાર કરવો કેટલો કામ લાગ્યો તે વિચારવું જરૂરી છે. તેના સ્થાને જો નીતિશ રેડ્ડીને જ મોકલવામાં આવ્યો હોત તો તેને એટલા બોલ વધુ રમવા મળ્યા હોત અને તો ટીમનો સ્કોર હજુ વધ્યો હોત. વેસ્ટ ઈન્ડીઝ સામે સતત બે ટેસ્ટ રમ્યા બાદ આરામ આપવામાં આવેલા જસપ્રીત બુમરાહની ગેરહાજરીને કારણે ઓસ્ટ્રેલિયામાં ડેથ ઓવર્સ પણ એક પડકાર રહેશે. આ સ્થિતિમાં રોહિત શર્માની આક્રમક શરૂઆત પણ થોડી ઓછી મહત્વની બની જાય છે. ભારતના ઝડપી બોલરોએ ગતિશીલતા શોધી કાઢી. તેમણે ઓસ્ટ્રેલિયન બેટ્સમેનોને કેટલાક પડકારો ઉભા કર્યા, પરંતુ 131 રન પૂરતા ન હતા.

આવા લક્ષ્યનો પીછો કરતા, વિરોધી બેટ્સમેન બેફિકરાઈથી રમવાનું વલણ ધરાવે છે. પર્થમાં ભારતને કંઈ મળ્યું નહીં. ટોસ હાર્યા પછી, વરસાદે ત્રણ વખત મેચમાં વિક્ષેપ પાડ્યો. આ હારનું વધુ પડતું વિશ્લેષણ કરવું યોગ્ય નથી, પરંતુ ભારતે તેમના કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળવું પડશે. ટીમ કોમ્બિનેશનની કસોટી ચાલુ રહેશે. સાત મહિના પછી પ્રથમ વનડેમાં અનુક્રમે 8 અને 0 રન માટે આઉટ થયાના આધારે રોહિત અને વિરાટ કોહલીની મુલવણી કરવી યોગ્ય નથી, પરંતુ બંને માટે તેમના અનુભવનું મૂલ્ય દર્શાવવાનો આનાથી સારો સમય હોઈ શકે નહીં.

હવે સૌથી અગત્યની વાત એ છે કે શુભમન ગિલ પાસે કુલદીપની ગેરહાજરીમાં મધ્યમ ઓવરોમાં હુમલો કરવાનો વિકલ્પ નહોતો. નવમા નંબર પર હર્ષિત રાણાને રાખવાથી બેટિંગમાં ઊંડાણ વધે છે, પરંતુ ઓસ્ટ્રેલિયાની પરિસ્થિતિઓમાં ભારતે ફિંગર સ્પિન અને પાર્ટ-ટાઈમ ફાસ્ટ બોલિંગ સાથે 20 ઓવર કરવી પડશે. જો ત્રણેય ફાસ્ટ બોલરો 30 ઓવર ફેંકી શકે તો જ. ગૌતમ ગંભીર જ્યારથી મુખ્ય કોચ બન્યો છે ત્યારથી ડાબોડી અને જમણેરી બેટ્સમેનને એકસાથે ક્રિઝ પર રાખવા માટે તેના દ્વારા બેટિંગ ક્રમમાં જે ફેરફાર કરવામાં આવે છે તે સમજી શકાતા નથી. સૌથી મહત્વની વાત એ છે કે તમારો મુખ્ય બેટ્સમેન નીચલા ક્રમે ઉતરે અને તેના સ્થાને તમે ડાબોડી સ્પિન બોલિંગ ઓલરાઉન્ડરને ઉતારો તે દરેક વખતે કામ લાગે તેવો તુક્કો તો નથી જ. વળી બે ઓલરાઉન્ડરમાંથી જે આક્રમક ઓલરાઉન્ડર હોય તેને એટલા માટે બેટિંગમાં ઉતારવામાં ન આવે કે ક્રિઝ પર એક જમણેરી બેટ્સમેન પહેલાથી છે એટલે તેને સ્થાને એવા ડાબોડી ઓલરાઉન્ડરને ઉતારવો કે જે ઝડપથી બેટિંગ કરી શકે તેમ નથી તે કોઈ રીતે યોગ્ય કહી શકાય તેવી વાત નથી.

આવું માત્ર પર્થમાં જ નથી થયું પરંતુ તે પહેલા પણ થઈ ચુક્યું છે અને ત્યારે પણ તેમાં સફળતા મળી નથી છતાં ગંભીર પોતાના નિર્ણયને સાચો ઠેરવવા માટે હજુ પણ એ પ્રયોગની અજમાયશ કરતો જ રહે છે અને તે ખરેખર તો ટીમને જ નુકશાન કરી રહ્યું છે.